આસામમાં NRCની અંતિમ યાદી જાહેર

૧૯.૦૬ લાખની બાદબાકી : અંતિમ યાદીમાં ૩૧૧૨૧૦૦૪ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો : અંતિમ યાદી જારી કરાયા બાદ પોતાના નામને જોવા એનઆરસી સેવા કેન્દ્રો પર લોકોનો જોરદાર ધસારો : આસામમાં સાવચેતીરૂપે કલમ ૧૪૪ અમલી

ગુવાહાટી, તા. ૩૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રાષ્ટ્રીય નાગરિક રજીસ્ટર (એનઆરસી)ની અંતિમ યાદી આજે જારી કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ પ્રકારની અટકળોને અંત આવી ગયો હતો. આ યાદીમાં ૧૯.૦૭ લાખ લોકોની બાદબાકી થઈ ગઈ છે. જ્યારે યાદીમાં ૩.૧૧ કરોડથી વધુ લોકો શામેલ કરવામાં આવી ચુક્યા છે. અંતિમ એનઆરસીની યાદીમાં ૩.૧૧ કરોડ અરજીદારોના નામ સામેલ કરવામાં આવી ચુક્યા છે. એનઆરસી સ્ટેટ કોઓર્ડીનેટરની ઓફિસ તરફથી આ મુજબની આજે આપવામાં આવી છે. એનઆરસી માટે કુલ ૩૩૦૨૭૬૬૧ લોકો દ્વારા અરજી કરવામા આવી હતી. આસામમાં યાદી જારી કરવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકો તરત જ બારપેટા જીલ્લામાં એનઆરસી સેવા કેન્દ્રમાં ઉમટી પડ્યા હતા. તેમના નામની ચકાસણી કરવા માટે આ લોકોનો ઠસારો જોવા મળ્યો હતો. સેન્ટર પર અંતિમ એનઆરસી યાદીમાં તેમના નામની ચકાસણી કરવા જોરદાર લાઈનો જોવા મળી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પરિવારના સભ્યોના નામ આવરી લેવામાં આવ્યા છે. અંતિમ લિસ્ટ સવારે ૧૦ વાગે જારી કરવામાં આવ્યું હતું. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટમાં આવેલા આદેશ મુજબ આસામમાં એનઆસરીની આ યાદી જારી કરવામાં આવી છે. એનઆરસીની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ

ચાલી રહી હતી. આસામમાં એનઆરસીની અંતિમ યાદી આજે સવારે જારી કરવામાં આવી હતી. અંતિમ યાદીમાં ૧૯ લાખ લોકો સ્થાન મેળવી શક્યા નથી. આ લોકો યાદીમાં સ્થાન મેળવી લેવામાં સફળ ન રહેતા તેમનામાં બેચેની અને નારાજગી વધી ગઈ છે.

એનઆરસી સાથે જોડાયેલા અધિકારીઓએ કહ્યુ છે કે કુલ ૩૧૧૨૧૦૦૪ લોકોએ આ યાદીમાં સ્થાન મેળવી લેવામાં સફળતા મેળવી છે. તેમણે કહ્યુ હતુ કે એનઆરસીની અંતિમ યાદીમાંથી ૧૯૦૬૬૫૭ લોકો બહાર થઈ ગયા છે. આ સંખ્યા ખુબ મોટી રહેલી છે. હવે એનઆરસીની બહાર થયેલા તમામ લોકોને હવે નક્કી કરવામાં આવેલી સમયમર્યાદામાં જ વિદેશી ન્યાયાધિકરણની સામે અપીલ કરવાની રહેશે. સુપ્રીમ કોર્ટ દ્વારા તે પહેલા ૩૧મી ઓગષ્ટ સુધી એનઆરસીની અંતિમ યાદી જારી કરવા માટેના આદેશ જારી કર્યા હતા. એનઆરસીની યાદી તૈયાર કરવા માટેની પ્રક્રિયા ચાર વર્ષ પહેલા શરૂ કરવામાંઆવી હતી. સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી મહેતલની અંદર જ યાદી તૈયાર કરી લીધી છે. પાઈનલ લિસ્ટ જોઈ શકાય છે. આ પ્રકાશનથી ભારતીય નાગરિકોની ઓળખની સાથે સાથે બાંગ્લાદેશના ગેરકાયદે પ્રવાસીઓની ઓળખ પણ કરી લેવામાંઆવી છે. આ પહેલા જ્યારે મુસદ્દો એનઆરસી પ્રકાશિત કરવામાં આવ્યો હતો ત્યારે ૪૦.૭ લાખ લોકો આનાથી બહાર થઈ ગયા હતા. જેને લઈને દેશભરમાં ભારે હોબાળો થયો હતો.

પ્રાંતિજ સહિત તાલુકામાં તસ્કરોનો તરખાટ

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, ધડકણ, તાજપુર માં દુકાનોના તાળાં ટુટયા, પ્રાંતિજ

મોબાઈલની દુકાનમાંથી એક લાખના મોબાઈલ તથા તાજપુર અને ધડકણમાંથી બાઈક સહિત પરચુરણ રોકડ રકમની ચોરી કરી પલાયન થતાં દુકાન માલિકો દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજ તથા તાલુકામાં જાણે તસ્કરો દ્વારા એક પછી એક દુકાન તથા ઘરફોડ ચોરીમાં વધારો થયો છે ત્યારે ગઈ રાત્રીએ પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ઈશ્વરકુપા કોમ્પલેક્સમાં આવેલ ચામુંડા મોબાઈલની દુકાનના શટલના તાળાના નકુચા તોડી દુકાનમાં ઘુસી દુકાનમાંથી એક લાખના મોબાઈલની ચોરી કરી અજાણ્યા તસ્કરો લઈ ગયા હતા. તાજપુર ખાતે ઉમીયા કિરીણા સ્ટોર્સમાંથી દુકાનના તાળા તોડી દુકાનના ગલ્લામાંથી પરચુરણ સહિત દશ હજારની રોકડ ચોરી કરી તો ધડકણ ખાતે છ દુકાનના તાળા તોડીને પરચુરણ સહિત કુલ ૧૫ હજારની ચોરી કરી હતી. ધડકણ ખાતે ફાર્મ હાઉસમાંથી બાઈક ચોરી કરી લઈ ગયા હતા. પ્રાંતિજ પોલીસે હાલ તો ધડકણ તાજપુર પ્રાંતિજ દુકાન માલિકોની ફરીયાદના આધારે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો નોધી દુકાનોની આજુબાજુમાં લાગેલ સીસીટીવી કેમેરાની મદદથી શોધખોળ હાથ ધરી છે.

પાલનપુરમાં મોબાઈલની ઓફિસમાં કામ કરતા યુવકે ૧૦.૧૦ લાખનો કર્યો ગોટાળો

પાલનપુર ખાતે આવેલ ખાનગી મોબાઈલ કંપનીના ડિસ્ટિબુટરની ઓફિસમાં નોકરી કરતાં એક યુવકે એક વર્ષ દરમિયાન રીચાર્જ તેમજ સીમકાર્ડ પેટે આપેલ નાણાં લ્માંથી રૂ.૧૦.૧૦ લાખનો ગોટાળો કરી ઉચાપત કરી હતી. જે વાત ડિસ્ટિબ્યુટર ને ધ્યાને આવતા તેમને યુવક પાસે રકમની ઉઘરાણી કરતા તેમને હાથ-પગ ભાગીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ થાણે પહોંચ્યો હતો.

પાલનપુરના સીટીલાઇટ બિઝનેસ સેન્ટરમાં આવેલ શ્રી બહુચર ડિસ્ટ્રીબ્યુટર ચેનલ પાર્ટનર વોડાફોન-આઈડિયા લિમિટેડની ઓફિસ આવેલી છે. જેમાં રિચાર્જ અને સિમકાર્ડ વેચવાનું કામ કરતા મૂળ વડગામ તાલુકાના ચાંગા ગામના વતની અને હાલ પાલનપુરના મફતપુરા વિસ્તારમાં રહેતા અનવરભાઈ ભીખાભાઈ સિપાઈએ નોકરી દરમ્યાન તા.૧/૫/૨૦૧૮ થી ૧૨/૬/૧૯ દરમિયાન રીચાર્જ તેમજ સીમકાર્ડ પેટે આપેલ નાણાં માંથી વિજય મોબાઇલ નામની દુકાનમાં રીચાર્જ કરીને આ રીચાર્જના નાણા ઓફિસમાં રહેલ હિસાબના ચોપડામાં ચડાવીને જાતે રાઈટનું નિશાન કરીને રૂ. ૧૦,૧૦,૦૦૦ પોતાના અંગત કામમાં વાપરીને ડિસ્ટિબ્યુટર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

જોકે રકમ ની વસુલાત માટે ડિસ્ટ્રીબ્યુટર સંજયકુમાર ચમનલાલ મોદી રહે.પાલનપુર અંબિકાનગર વાળાએ અનવરભાઈ ભિખાભાઈ સિપાઈ પાસે ઉઘરાણી કરતા અનવર અને તેના પિતા ભીખાભાઈ અલદુભાઈ સિપાઈ ઉશ્કેરાઈ ગયા હતા.

અરવલ્લીની ગીરીમાળાઓમાં વિહરતા દીપડા માનવ વસવાટ તરફ વળતા ગભરાટ

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં હિંસક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી દીપડાએ ભિલોડા, શામળાજી, મેઘરજ અને માલપુર પંથકમાં દીપડાએ માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેર નજીકના જંગલમાં દીપડાની હાજરીથી પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા શહેરથી ૫ થી ૧૦ કી.મી. અંતરમાં આવેલા ભેરુંડા, ગુજેરી, કોલવડા સહિતના ગ્રામ્ય વિસ્તારો નજીક આવેલા જંગલમાં અને ખેતરોમાં દીપડાએ લટાર મારતા ખેતરમાં કામ કરતા જેસીબીના ચાલકે દીપડાની તસ્વીર મોબાઈલ કેમેરામાં કંડારી લીધી હતી અને લોકોને દીપડો જંગલમાં ફરતો હોવાની માહિતી અપાતા લોકોમાં દીપડાના આતંકના દહેશતથી ભયનો માહોલ છવાયો છે. ચોમાસાની ઋતુમાં ખેતીનો પાક ખેતરોમાં લહેરાઈ રહ્યો છે ખેતી કામમાં સીમાડાઓ ધમધમી રહ્યા હોવાની સાથે ખેડૂતો પાકને જંગલી પ્રાણીઓના ભેલાણથી બચાવવા ખેતરોમાં રાત્રી મુકામ કરી રહ્યા છે તેવી ઘડીએ દીપડાએ દેખા દેતા ખેડૂતો ખેતરમાં પગ મુકતા પણ ફફડી રહ્યા છે. દીપડાઓ ઝાડીઓ અને ખેતરમાં પાકની

વચ્ચે છુપાઈ રહીને રાત્રીના સુમારે જ હુમલો કરતો હોવાથી ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. મોડાસા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાએ દેખા દેતા જાગૃત ખેડૂતોએ વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં પાંજરે પુરાવા કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ટ્રેક્ટરમાં ટ્રોલી નીચે ગુપ્ત ખાનું બનાવી દારૂ ઘુસાડવાનો કીમિયો નિષ્ફળ

શામળાજી, તા. ૩૧

અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પરથી મોટા

પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે. બુટલેગરો અત્યાર સુધી ટ્રક-ટ્રેલર, ટેમ્પો, કાર, જીપ, રીક્ષા અને બાઈકનો ઉપયોગ કરી વિદેશી દારૂ ઘુસાડાતા ઝડપાયા છે ત્યારે બુટલેગરોએ ખેતીમાં વપરાતા ટ્રેક્ટરનો ઉપયોગ કરતા પોલીસ તંત્રમાં પણ અચરજ ફેલાયું છે.

શામળાજી પોલીસે વિદેશી દારૂ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે સુનોખ ગામ નજીક બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતા વાદળી કલરના નંબર વગરના આઈસર ટ્રેક્ટરને અટકાવી તલાસી લેતા પોલીસને પ્રાથમિક તપાસમાં કઈ હાથ લાગ્યું ન હતું. બાતમી સજ્જડ હોવાથી ટ્રેક્ટર ચાલકની અકારી પૂછપરછ કરતા તેને હાઈડ્રોલિકથી ટ્રોલી ઉંચી કરતા ગુપ્ત ખાનામાં સંતાડીને રાખેલો વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૫૬૪ કીં. રૂ.૮૮૯૮૦નો જથ્થો મળી આવતા ટ્રેક્ટર ચાલક જયંતી કાવાજી ભગોરા (રહે. ધામોદ, રાજસ્થાન)ની ધરપકડ કરી ટ્રેક્ટર-ટ્રોલી કીં. રૂ.૩૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૩,૮૯,૪૮૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર ખેરવાડાના બુટલેગર રાજુ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બુટલેગરોએ ખેતીમાં વપરાતા ટ્રેક્ટરનો ઉપયોગ કરતા પોલીસ તંત્રમાં પણ અચરજ ફેલાયું છે

પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓની માંગ વધતા માટીની મૂર્તિ બનાવતા કારીગરો બેરોજગાર બન્યા

ડીસા, તા. ૩૧

ટેકનૉલોજી વરદાન છે પરંતુ કેટલાક લોકો માટે તો આ ટેક્નોલૉજી જ અભિશાપ સાબિત થઈ છે. માટીની મુર્તિ બનાવતા કારીગરો માટે પ્લાસ્ટર ઓફ પેરિસની શોધે તેમણે બેરોજગાર બનાવી દીધા છે.

એક સમય હતો કે જ્યારે ડીસામાં આ કુંભાર પરિવારોની જાહોજલાલી હતી. માટીની મુર્તિને તરાસીને સુંદર રૂપ આપનારા આ પરિવારો એક સમયે દશામાંની મુર્તિથી માંડીને ગણેશજીની માટીમાથી નયનરમ્ય મૂર્તિઓ બનાવતા હતા. પરંતુ ટેકનોલૉજીના આવિષ્કાર બાદ પ્લાસ્ટર ઓફ પેરિસની શોધ થતાં તેનું ચલણ વધવા માંડ્યુ હતું. શરૂઆતમાં પ્લાસ્ટર ઓફ પેરિસનો ઉપયોગ મકાનોમાં થતો હતો અને હવે તેનો વ્યાપ વધીને મૂર્તિઓમાં થવા માંડ્યો છે. મૂર્તિઓમાં પ્લાસ્ટર પેરિસનો ઉપયોગ થવાના લીધે માટીની મુર્તિ બનાવતા કારીગરો દ્વારા બનાવવામાં આવતી મુર્તિઓની માંગમાં ઘટાડો થવા માંડ્યો હતો. અત્યારે પરિસ્થિતી એવી આવી ગઈ છે કે માટીના કારીગરો બેરોજગાર બની ગયા છે. એક સમયે તહેવારોમાં લોકો માટીની મુર્તિ માટે બુકિંગ કરાવતા હતા તે કારીગરોને અત્યારે માટીની મૂર્તિનું વેચાણ કરવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ડીસાના કુંભાર વાસમાં માટીની મૂર્તિ બનાવનાર માહિ કુંભારએ જણાવ્યું હતું કે હાલમાં તમામ તહેવારોમાં પલાસ્ટર ઓફ પેરિસની મૂર્તિની માંગ વધતા અમારી માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ કોઈ ખરીદી કરતું નથી, પરિણામે અમારે બેકાર થવાનો વારો આવ્યો છે.

પ્લાસ્ટર ઓફ પેરિસ પર્યાવરણ માટે પણ ખૂબ જ હાનિકારક હોય છે. પ્લાસ્ટર ઓફ પેરિસની મુર્તિના વિસર્જનથી પાણીમાં પ્રદૂષણ થવા ઉપરાંત જળચર જીવો માટે ઘાતક સાબિત થાય છે. તો બીજી તરફ સરકારે પણ સ્કિલ ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત માટીની મુર્તિ બનાવતા કારીગરો માટે તેમની ઈકો ફ્રેડલી મુર્તિના વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે તો આ પરંપરાગત ઉદ્યોગને જીવતદાન મળવા ઉપરાંત પૃથ્વી પર ફેલાઈ રહેલા પ્રદૂષણને અટકાવી શકાય.

વરસાદી ઝાપટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી વાદળો વચ્ચે વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. થોડીવાર માટે ગાજવીજ થઈ હતી અને વરસાદ તુટી પડયો હતો. વરસાદના ભારે ઝાપટાના લીધે સેકટરોમાં પલવારમાં જ પાણી પાણી થઈ ગયુ હતુ. નગરના મુખ્યમાર્ગો પર અવરજવર કરતા રાહદારીઓ પણ વરસાદથી બચવા માટે બે ઘડી વૃક્ષ નીચે ઉભા રહી ગયા હતા. નગરના મુખ્ય ઘ માર્ગ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ઘ-૪ , પથિકાશ્રમ સહીતના ઠેકાણે વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના નિચાણવાળા વિસ્તારમાં વરસાદી ઝાપટાથી જ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. બપોરના સમયે વરસાદી ઝાપટાથી થોડીવાર માટે જનજીવન પર અસર વર્તાઈ હતી. ગાંધીનગર શહેર અને તાલુકામાં ૨૦ મી મી વરસાદ થયો હતો. તાલુકામાં પણ એક ઈંચ જેટલા વરસાદના લીધે ચોમેર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદના લીધે જનજીવન પર અસર વર્તાઈ હતી. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૨૦ ઈંચથી વધુ વરસાદ થયો છે. જયારે આજે વરસાદી ઝાપટાના અંતે ગરમીથી ત્રસ્ત નગરજનોએ બફારામાં રાહત અનુભવી હતી. જો કે બપોરના વરસાદી ઝાપટાના અંતે વાતાવરણમાં ફરી ઉઘાડ નિકળ્યો હતો. સાંજે પણ તડકાની સાથે વરસાદી છાંટણા વરસ્યા હતા. બપોર બાદ વાદળિયા વાતાવરણના અંતે ઉઘાડ નિકળ્યો હતો.

નારાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા નથી. આ સંસ્થા એન્ટ્રેસ એક્ઝામના નામે રૂ. ૫૦૦થી પણ વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી વસુલે છે.

કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે તો ત્યાં સુધી આજે આક્ષેપ કર્યો હતો કે જો અમારી રજુઆતને ગંભીરતાથી લેવામાં આવતી જ ના હોય તો પછી બેઠકોમાં બોલાવવાનું બંધ કરો અને ગમ્મત ગુલાલનો કાર્યક્રમ રાખી બધા મોજ કરો.

આજની બેઠકમાં સિલીંગ કરાયેલ એક બિલ્ડીંગમાં લોકોએ પ્રવેશ કરી અને રહેવાનુ ચાલુ કરી દીધુ, ઈલેક્ટ્રીક સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થઈ ગઈ તંત્ર કેમ પગલાં લેતુ નથી તેવી પણ માંગ આ સભ્યોએ કરી હતી.

માર્ગોની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ આ સભ્યોએ કર્યા હતા. શહેરમાં પડેલા ભુવાઓ તેમજ જે રીતે ગ્રામીણ વિસ્તારમાં જે ખાડાઓ થઈ ગયા છે તેનાથી વાહન વ્યવહાર પર વિપરીત અસરો પડી રહી છે પણ તંત્ર કોઈ જ કામગીરી કરતુ નથી તે દુઃખદ છે.

સન્માન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવ્યોહિતો તેના મૂળમાં શ્રીમદ રાજચન્દ્રજીનો પ્રભાવ રહેલો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સુક્ષ્મ જીવો માટે કરૂણાએ આપણા સંસ્કાર અને સ્વીભાવ છે. ભગવાન મહાવીરે પ્રબોધેલા ''અહિંસા પરમોધર્મ''ના સિધ્ધાંતને દુનિયાએ સ્વી કાર કરેલો છે. અહિંસા, તપ, સંયમ અને અનેકાંતના સિધ્ધાં તનો વિશ્વમાં પ્રકાશ ફેલાવનાર ભગવાન મહાવીરની ત્યા ગની ભાવનાને ઉજાગર કરવાનો આ પર્યુષણ પર્વ એક અવસર છે. અબોલ પશુઓના જીવને અભયદાન મળે એ પ્રકારેની વ્યાવસ્થાવ રાજય સરકારે કરી છે. દરેક જિલ્લામાં કરૂણા એમ્બ્યુલન્સની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. રાજય સરકારે દરેક જીવોની ચિંતા કરીને કરૂણા અભિયાન શરૂ કર્યું છે. ગુરૂદેવો સંતો-મહંતોના આર્શીવાદથી સુદઢ શાસન વ્યવસ્થાનું નિર્માણ થયું હોવાનું પણ મુખ્યમંત્રીએ વિશ્વાસપુવર્ક જણાવ્યું હતું. શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા ધરમપુર જેવા આદિવાસી ક્ષેત્રમાં થઈ રહેલા સમાજ સેવાના કાર્યને બિરદાવી, મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર માનવ કલ્યાણની સેવા પ્રવૃતિઓમાં સહયોગ કરશે. ગુરૂદેવ પૂજ્ય રાકેશભાઈએ મુખ્યમંત્રીને સુશાસન અને જનકલ્યાણ માટે સદાકાળ સમર્પિત રહી નિષ્કામ ભાવે સેવારત રહેવાના આશીર્વાદ પાઠવ્યા હતા. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલએ આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ વ્યકત કરતાં કહ્યું કે 'શ્રીમદ્ રાજચન્દ્ર એનિમલ નર્સિંગ હોમ'નો શુભારંભ એ એક અનન્ય અને અદ્દભુત કાર્ય છે. પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદથી પ્રાણીઓ માટે આ મિશન જે કાર્ય કરી રહ્યું છે તે સરાહનીય છે અને સમાજ હંમેશા તે માટે તેમનું ઋણી રહેશે.

મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

જગદીશ દવે, ડાહ્યાભાઈ પટેલ, વલ્લભ નાંઢા, રજનીકાંત મહેતા, વિપુલ કલ્યાણી, દીપક બારડોલીકર, અદમ ટંકારવી, પંકજ વોરા, ભાનુશંકર ઓધવજી વ્યાસ, રમેશ પટેલ, ભારતી પંકજ, અહમદ ગૂલ વગેરેના સાહિત્યના સંપાદનો અને અમેરિકામાં વસતા સર્જકો જેવા કે શ્રી મધુ રાય, પન્ના નાયક, પ્રીતિ સેનગુપ્તા, આદિલ મંસૂરી, શકુર સરવૈયા, આનંદરાવ લિંગાયત, હરનિશ જાની, વગેરે જાણીતી કલમોની વિશિષ્ટ ઓળખ પણ કરાવી છે. આટલું જ નહીં પણ ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય વિશે અનેક સંશોધનો, સંપાદનો કરાવ્યા, યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં ડાયસ્પોરાને સ્થાન અપાવી એની મહત્તા સિદ્ધ કરી છે.

શ્રી બળવંત ભાઈની કલમ અને અભ્યાસનિષ્ઠા માત્ર ગુજરાતી ભાષા પૂરતી મર્યાદિત નથી રહી, વૈશ્વિક કક્ષાએ જઈને તેમણે કેટલાક ઉત્તમ અનુવાદો પણ આપ્યા છે. જેમાં સુપ્રસિદ્ધ નાટ્યકાર '' ઈબ્સન'' કૃત ''A DOLLS HOUSE'' ને ગુજરાતીમાં '' ડોલ્સ હાઉસ '' નામે લાવે છે જ્યારે હિંદી જગતના વિદ્વાન ડૉ. નગેંદ્રના સુપ્રસિદ્ધ ગ્રંથ ''શૈલીવિજ્ઞાન'' ને પણ ગુજરાતીમાં અવતારી અનેક વિવેચકો, સંશોધકો, અભ્યાસૂઓને ઉપયોગી બન્યા છે.

ભારત સરકારની આર્ક્યોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા - ન્યૂ દિલ્હી તરફથી ફેલોશીપ મેળવી તેઓએ મધ્યકાલીન સાહિત્ય ઉપર નોંધપાત્ર કાર્ય કર્યું છે. અનેક વિદ્યાર્થિઓ તેમના માર્ગદર્શનમાં એમ.ફિલ અને પીએચ.ડી.ની પદવી મેળવીને આજે વિશ્વભરમાં શિક્ષણની સેવા કરી રહ્યા છે.

ડૉ. જાની માત્ર સૌ. યુનિવર્સિટીના પ્રોફેસર કે વિભાગાધ્યક્ષ નથી રહ્યા પણ પોતાની મહેનત નિષ્ઠાથી શૈક્ષણિક જગતના સર્વોચ્ચ પદ - ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ '' તરીકે પણ પ્રસંશનીય કાર્ય કરી ચૂક્યા છે. જેમાં તેમણે તેમના કાર્યકાળમાં પેરિસની સોરોબોન યુનિવર્સિટીના સંયૂક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજ્યો હતો, તો વળી રશિયાની ટૉમસ યુનિવર્સિટી ખાતે યોજાયેલ વિશ્વના કુલપતિઓની પરિષદમાં પણ તેઓ ભારતના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત દેશ વિદેશની અનેક યુનિ.ઓના પરિસંવાદો, સેમિનારોમાં વક્તા તરીકે ઉપસ્થિત રહી પોતાના વક્તવ્યો આપ્યાં છે.

કૉલેજકાળના વખતથી શ્રી બળવંતભાઈ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘની નિત્ય શાખામાં એક સ્વયમ સેવક તરીકે નિયમિત રહીને રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયેલા છે. તેમનું સમગ્ર વ્યક્તિત્વ વૈશ્વિક કક્ષાએ વિસ્તરેલું છે. '' ઈન્ડિયન એસોશિએશન ફોર કોમનવેલ્થ લિટરેચર એન્ડ લેંગ્વેજ સ્ટડીઝ – લંડન, ઈન્ટરનેશનલ કૉંગ્રેસ ઓફ એશિયન એન્ડ નોર્થ આફ્રિકન સ્ટડિઝ – કેનેડા, ઈન્ટરનેશનલ એસોશિએશન ફોર ધ હિસ્ટ્રી ઓફ રિલિઝયન્સ – કેનેડા, ઈન્ટરનેશનલ ભક્તિ કૉંગ્રેસ – ફ્રાન્સ, પેરિસ જેવી અનેક સંસ્થાઓના તેઓ સભ્ય પદે છે. તો વળી રાષ્ટ્રીય કક્ષાની અનેક સંસ્થાઓના સભ્ય, મહામંત્રી, અધ્યક્ષ તરીકે જોડાઈને પોતાની સેવાઓ આપે છે. હાલમાં તેઓ ''અખિલ ભારતીય સાહિત્ય પરિષદ''ના અધ્યક્ષ તરીકે પણ કાર્યરત છે.

ડૉ. બળવંત જાની એક વ્યક્તિ મટીને સંસ્થારૂપે, શબ્દ અને વિચારો રૂપે, કર્મ અને ધર્મ રૂપે, ગ્રામથી વિશ્વ સુધી વિસ્તર્યા છે. તેમની ઊર્જામાંથી પ્રગટતું નવું વિશ્વ - નવી દિશા અનેક વિદ્યાર્થિઓ, વિદ્વાનોને પ્રેરણા આપે છે. નવી રાહ ચીંધે છે. એક ગુજરાતી તરીકે તેઓ વિશ્વભરમાં માત્ર પોતાનું જ નહીં પણ ગુજરાતી ભાષાનું, સંસ્કૃતિનું અને દેશનું ગૌરવ વધારતા રહ્યા છે. અસ્તુ.

- 9426060601.india@gmail.com